



# ૨૦૨૪નું રાશિ ભવિષ્ય

## મેષ રાશિ (અ, લ, ઈ)

૨૦૨૪ના નૂતન વર્ષ આહ્લાદક વાતાવરણ શીતળ વાયુની સાથે આપની રાશિમાં ગુરુની છત્રછાયા સાથે મંગલ પ્રવેશ કરો છો. આપના જીવનમાં ઘણા ફેરફાર શક્ય બને. લાભ જોઈએ તે પ્રમાણે ન મળે. શનિની દૃષ્ટિ આપની રાશિમાં છે. રાશિમાં ગુરુ-રાહુની યુતિ છે. દરેક કાર્યમાં નાની-મોટી અડચણ રહેતી જોવા મળે. નાણાંકીય દૃષ્ટિએ જોતાં બહુ સારું નહીં, બહુ ખરાબ નહીં. વિદેશગમન માટે વિચારતા હો, તો અવરોધ રહે. ૩૦-૧૦-૨૩થી આપની રાશિથી રાહુ બારમે છે. આરોગ્ય બાબતે સાવધાની રાખવી. ગુરુ-રાહુ છૂટા પડશે. ગુરુ અટકેલ કાર્ય પૂર્ણ કરાવે. વિવાહ-ઈચ્છુક માટે ૩૦-૪-૨૪ સુધી પ્રબળ યોગ બને છે. તે પછી ગુરુ બીજો આવશે. આર્થિક સધ્ધરતા પ્રાપ્ત થાય. નોકરિયાતને પ્રમોશન-સ્થાનફેર ૩૦-૪-૨૪ સુધીમાં કરાવે. સંતાનસુખ-ઈચ્છુક માટે ૩૦- ૪-૨૪ સુધી યોગ છે. આકસ્મિક લાભ આપે. સટ્ટાકીય ક્ષેત્રથી દૂર રહેવું બને. શનિ અગિયારમો છે. બુદ્ધિસ્થાનને જોતો હોવાથી ગેરમાર્ગે દોરવે. સાવધાની રાખવી. ઉતાવળિયા નિર્ણય ન લેવા. શસ્ત્રક્રિયા, વાહન-અકસ્માત, વાગવું-પડવું જોવા મળે. વિદ્યાર્થીઓએ મહેનત વિશેષ કરવી. ધાર્યું પરિણામ જોવા ન મળે.

## વૃષભ રાશિ (બ, વ, ઉ)

૨૦૨૪ના નૂતન વર્ષ-પ્રવેશ આહ્લાદક વાતાવરણ શીતળ વાયુની સાથે આપની રાશિથી ગુરુ- રાહુ બારમે શનિની બારમી દૃષ્ટિ પનોતી નથી. પનોતી જેવો અહેસાસ થાય. શારીરિક કમજોરી જોવા મળે. ખોટા વિચારવાયુ રહે, ધારેલી સફળતા ન મળતાં મન ઉદ્વેગવાળું જોવા મળે. પેટ, ગૅસ, સાંધા, કર, સુગર, બીપી જેવા રોગો વિચારવાયુ જોવા મળે. નાનીમોટી મુશ્કેલીનો સામનો કરવો પડે. આર્થિક ખેંચ, ખોટા આરોપ આવે. નાની વાતમાં ઉગ્ર સ્વરૂપ રહે. ૩૦-૧૦-૨૩થી રાહુ અગિયારમે છે, માતા-પિતાના સુખમાં અવરોધ રહે. ૧-૫-૨૪થી ગુરુ આપની રાશિમાં આવશે. સફળતા પ્રાપ્ત કરાવે, મનને શાંતિ મળે. હાલમાં રાહુની ભક્તિ ચાલુ રાખવી જરૂરી રહે. વિદ્યાર્થીઓ માટે ૩૦-૪-૨૪ પછીનો સમય શુભ છે. રિઝલ્ટ સારું મળે. મહેનત માંગી લે. અવિવાહિત માટે જોતાં ૧-૫-૨૪થી વિવાહયોગ પ્રાપ્ત થાય. વિદેશગમન-ઈચ્છુકને ૧-૫-૨૪થી લાભકર્તા બને. સંતાનસુખ-ઈચ્છુકને સંતાનસુખ પ્રાપ્ત થાય. નોકરી-ધંધા, પ્રમોશન, વિદ્યાર્થીઓ માટે ૧-૫-૨૪થી ગુરુ પોતાની રાશિમાં આવશે. મનોકામના પૂર્ણકર્તા બને.

## મિથુન રાશિ (ક, છ, ઘ)

આ ૨૦૨૪ના નૂતનવર્ષ-પ્રવેશ આહ્લાદક વાતાવરણ શીતળ વાયુની સાથે આપની રાશિથી ગુરુ ૧૧મે, શનિ નવમે, ભાગ્યમાં પનોતી નથી. ભાગ્ય- અવરોધ જોવા મળે. ગુરુ સારો છે, પરંતુ ૩૦-૧૦-૨૩ ૧ પછી ગુરુ-રાહુ છૂટા પડયા પછી મે ૨૦૨૪ સુધી રોકાયેલ, વિલંબ થયેલ કાર્ય પૂર્ણતા પ્રાપ્ત કરાવે. મે-૨૦૨૪ પછી ૨૦૨૫ સુધીમાં માંગલિક પ્રસંગ ઉકેલાશે. વિદેશગમન, નવા મકાન-વાહન ક્ષેત્રમાં વૃદ્ધિ કરાવશે. વ્યાપારધંધામાં પ્રગતિ કરાવશે. સામાન્ય ભાગ્યઅવરોધ રહે. શનિની ઉપાસના કરવાથી સુંદર પરિણામ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ માટે જોતાં વિદ્યાર્થીને પાસ થવાના ચાન્સ વિશેષ ગણાય. દિવાળી પછી પરિણામ સુધરે. પિતા સાથે દિવાળી પછી મતભેદ રહે. વાયુ થાય તેવા ભોજનથી દૂર રહેવું. ગૅસ-પાચન, હૃદય, સાંધાના દુખાવાની તકલીફ રહે. સંતાન- ઈચ્છુક, વિવાહિત સંબંધ-ઈચ્છુક માટે મે ૨૦૨૪ સુધી યોગ્ય સમય છે. સફળતા મેળવી શકે. સટ્ટાકીય ક્ષેત્રથી

રોકાણકર્તા સમજીવિચારીને આગળ વધવું. લોભામણી વસ્તુથી દૂર રહેવું. એકંદરે નૂતનવર્ષ આપના માટે મંગલદાયી છે. મહેનત પ્રમાણે રિઝલ્ટ આપ મેળવી શકશો.

## કર્કરાશિ (ડ, હ)

૨૦૨૪ના નૂતન વર્ષ-પ્રવેશ આહ્લાદક વાતાવરણ શીતળ વાયુની સાથે આપની રાશિથી ગુરુ દસમે, રાહુ સાથે શનિ આઠમે છે. રૂપાને પાયે શનિની પનોતી ચાલુ છે. માર્ચ ૨૦૨૫ સુધી છે. શનિભક્તિ વિશેષ કરવી. આર્થિક ખેંચતાણ, વ્યાપાર, નોકરીમાં આવક વધે નહીં. અણધાર્યા ખર્ચા આવે. ઘરમાં વાતાવરણ તંગ જોવા મળે. કૌટુંબિક વાદવિવાદ જોવા મળે. પિતૃસુખમાં હાનિ કરાવે. ૨૫ ટકા જેવી રાહત રહે. ૧-૫-૨૪થી ગુરુ અગિયારમે આવશે. થોડી રાહત આપે. ૩૦-૧૦-૨૩થી રાહુ ભાગ્યમાં છે. ભાગ્ય-હાનિ કરાવશે. સોનેરી સ્વપ્ન જોતાં હોય, તો બંધ કરવાં. કાર્યશીલ શુદ્ધ દાનત રાખવી. પરિશ્રમ પ્રમાણે રિઝલ્ટ ન મળે, જે મળશે, તેમાં સંતોષ રાખવો. ઉતાવળિયા નિર્ણય ન લેવા. સંતોષી બનશો, તો ઘણું પામશો. વિદ્યાર્થીઓ માટે મે-૨૪થી મહદંશે અભ્યાસમાં ધ્યાન બેસે. હાલમાં મહેનત પ્રમાણે રિઝલ્ટથી અવિવાહિત તેમ જ સંતાન-ઈચ્છુક માટે મે ૨૦૨૪થી સફળતાના પંથે છો. વિઘ્ન જરૂર રહે, પરંતુ ભગવાનનું નામસ્મરણ, શનિ ભગવાનની આરાધનાથી સૂળીનો ઘા સોયથી જાય. નોકરિયાતને બદલી કરાવશે. મે ૨૦૨૪ પછી પગારમાં વૃદ્ધિ કરાવે.

**જડી બુટ્ટી**

**નજુમી**

## સિંહરાશિ (મ, ટ)


૨૦૨૪ના નૂતન વર્ષ-પ્રવેશ આહ્લાદક વાતાવરણ શીતળ વાયુની સાથે આપની રાશિથી શનિ સાતમે ગુરુ-રાહુ ભાગ્યમાં છે. પનોતી નથી. ભાગ્ય- અવરોધ જોવા મળે. શરીર ઑર્ડરમાં જોવા ન મળે. ભાગ્યને શનિ જોતો હોવાથી મહેનત પ્રમાણે રિઝલ્ટ ન મળે. મળેલ ઑર્ડર કેન્સલ થઈ શકે. રાહુ ૩૦-૧૦-૨૩થી આઠમો થયો છે. હાથ-પગ, સાંધાના દુખાવા, પેટ-ગૅસ અપાચન, કબજિયાત જેવી બીમારી જોવા મળે. આરોગ્ય બાબતે ધ્યાન રાખવું. ૧-૫-૨૪થી ગુરુ દશમો થશે. વ્યાપારની તકો ખીલશે. સ્થાવર સંપત્તિ, વાહન-વૈભવી સુખમાં વૃદ્ધિ કરાવશે. ખોટા ઉતાવળિયા નિર્ણય નહીં લેવા, જે માર્ચ ૨૦૨૫થી શનિની નાની પનોતી બેસે છે, ફસાઈ ન જવાય, તેનું ધ્યાન રાખવું. સમજી વિચારીને કામકાજ કરવું. વિદ્યાર્થીઓ માટે મહેનત માગી લે. મહેનત પ્રમાણે રિઝલ્ટ નથી. અવિવાહિત વ્યક્તિ માટે સમયની રાહ જોવી પડે. સમયમાં વિલંબ ચોક્કસ બને. અવરોધ જણાય, તો શનિ- રાહુની ઉપાસના કરવાથી રાહત જોવા મળે. ૨૦૨૪નું નૂતન વર્ષ મંગલદાયક રહે.

## કન્યારાશિ (પ, ઠ, ણ)

૨૦૨૪ના નૂતન વર્ષ-પ્રવેશ આહ્લદક વાતાવરણ શીતળ વાયુની સાથે આપની રાશિથી શનિ છઠે, આઠમે ગુરુ-રાહુ, પનોતી નથી. શુભ ગણાય. પનોતી જેવું લાગે. શારીરિક, માનસિક, આર્થિક ત્રણ સમસ્યાઓનો સામનો કરવો પડે. રોગ ઘર ન કરે, તેની સાવધાની રાખવી. ગુપ્ત શત્રુઓથી કનડગત જોવા મળે. આર્થિક સંક્મડાણ તેમ જ અણધાર્યા ખર્ચ આવતાં જોવા મળે. બી.પી., ડાયાબિટીસ, કફ, સુગર વગેરેથી સંભાળવું. નાનીમોટી સર્જરી કરાવે. કૌટુંબિક સુખમાં વિરોધાભાસ જોવા મળે. ૩૦-૧૦-૨૩થી રાહુ સાતમે છે. દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. ૧-૫-૨૪થી ગુરુ ભાગ્યમાં આવશે, ત્યાર પછી મહદંશે સુધારો જોવા મળે. ભાગીદારો સાથે ચકમક ઝરે, કદાચ છૂટા થવું પડે. વિદેશગમન-ઈચ્છુકને વિદેશગમનનો ચાન્સ મળે. નોકરિયાતને પ્રમોશન, બદલી કરાવશે. ખોટા કામકાજથી દૂર રહેવું. સંતાન-ઈચ્છુકને સંતાનપ્રાપ્તિના યોગ મે ૨૦૨૪થી બને. અવિવાહિત વ્યક્તિને સમયની રાહ જોવી પડે. વિલંબ કરાવે. ઉતાવળિયા નિર્ણય ન લેવા. વિદ્યાર્થીઓને મહેનત માગી લે. મહેનત પ્રમાણે રિઝલ્ટ ન મળે. મહેનત કરવી જરૂરી.

## તુલારાશિ (ર, ત)

૨૦૨૪ના નૂતન વર્ષ-પ્રવેશ આહ્લાદક વાતાવરણ શીતળ વાયુની સાથે આપની રાશિથી સાતમે ગુરુ-રાહુ, પાંચમે શનિ ચાલુ છે. પનોતી નથી. આપની જીવનશૈલીમાં ફેરફાર જોવા મળે. આવક કરતાં જાવક વિશેષ જોવા મળે. વ્યાપારધંધા, નોકરી જેવા ક્ષેત્રમાં અવરોધ જોવા મળે. હરીફાઈમાં ભાગ લેવો પડે. ઉઘરાણી ફસાય. નાણાંભીડ રહે. ભાગીદારો સાથે અથડામણ અથવા છૂટા પડવું પડે. સાવધાની રાખવી, નિર્ણય સમજી વિચારીને લેવા. ઉતાવળ ન કરવી. ૧-૫-૨૪થી ગુરુ આઠમે આવશે. આર્થિક સુધારો જોવા મળે. ૩૦-૧૦-૨૩થી રાહુ છઠ્ઠે છે.




સાંધા, પેટ, ગૅસ, અપાચન, કબજિયાત જેવી ગરબડ જોવા મળે. રોગનું નિદાન ઝડપી ન બને. વિશેષ તકલીફ જણાય, તો શનિ-રાહુની ઉપાસના કરવી. અવિવાહિત લોકો માટે એપ્રિલ-૨૪ સુધી પ્રબળ યોગ છે. વિદ્યાર્થીઓ માટે મહેનત માગી લેશે. મહેનત તનતોડ કરવી. વિદેશ-ઈચ્છુક લોકોને મે-૨૪ પછી ચાન્સ જોવા મળે. વડીલો તેમ જ રોગિષ્ઠ વ્યક્તિએ કાળજી રાખવી. નોકરિયાતે શાંતિથી સમય પસાર કરવો, ખોટા કામકાજથી દૂર રહેવું, જે મળે છે, તેમાં સંતોષ રાખવો. મે ૨૦૨૪થી સારો સમય જોવા મળે.

## વૃશ્ચિક રાશિ (ન. ય)

૨૦૨૪ના નૂતન વર્ષ-પ્રવેશ આહ્લાદક વાતાવરણ શીતળ વાયુની સાથે આપની રાશિમાં અઢી વર્ષની સોનાના પાયે પનોતી ચાલુ છે, જે માર્ચ ૨૦૨૫માં ઊતરશે. શનિ ચોથે છે. ગુરુ-રાહુ છઠ્ઠે છે. ૧-૫-૨૪થી ગુરુ સાતમે આવશે. મહદંશે થોડી ઘણી રાહત જોવા મળે. હાલમાં આરોગ્ય બાબતે વિશેષ સંભાળવું. દવા લાગુ ન પડે તેમ જ શરીરમાં સ્ફૂર્તિ જોવા ન મળે. કૌટુંબિક વિચારોમાં મતભેદ રહે, હિંમત હારી ગયા હોય તેવો ભાવ જોવા મળે. નાની-મોટી શસ્ત્રક્રિયા, અકસ્માત જોવા મળે. નિર્ણય સમજી વિચારીને કરવા. ઉતાવળિયા નિર્ણય ન લેવા. મોટા સાહસથી દૂર રહેવું. ગુપ્ત શત્રુઓ વિશેષ જોવા મળે. નોકરિયાત વર્ગે શાંતિથી સમય પસાર કરવો. ખોટા કામકાજથી દૂર રહેવું. વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસમાં સખત મહેનત માંગી લે, મહેનત પ્રમાણે રિઝલ્ટ જોવા ન મળે. સ્ત્રીઓને જે અપેક્ષા હોય, તે અપેક્ષામાં રાહ જોવી પડે, દામ્પત્યસુખમાં મતભેદ રહે. રાહુ પાંચમે ૩૦-૧૦-૨૩થી ચાલે છે. ખોટા-ખોટા વિચારો જોવા મળે. વાતાવરણ ભયભીતવાળું જોવા મળે. હિંમત હાર્યા હોય તેવું લાગે. શનિ-રાહુની ઉપાસના વિશેષ કરવી, પ્રભુસ્મરણમાં શક્તિ છે. આવેલા સંકટમાંથી બહાર કાઢી શકે.

## ધન રાશિ (ભ, ધ, ફ)

૨૦૨૪ના નૂતન વર્ષ-પ્રવેશ આહ્લાદક વાતાવરણ શીતળ વાયુની સાથે આપની રાશિમાં હાલમાં શનિની પનોતી નથી. શનિ ત્રીજે રહી ભાગ્યને જોતો હોવાથી આર્થિક સંકડામણ જોવા મળે. અણધાર્યા ખર્ચા આવી પડે. હૃદય, ગૅસ, અપાચન, કબજિયાત, સાંધાના દુખાવા, આળસુ પ્રકૃતિ જોવા મળે. શરીર કહ્યામાં ન રહે. ખોટા વિચારો જોવા મળે. ચિત્તભ્રમ રહે. અગત્યના નિર્ણય સમજી વિચારીને કરવા. ઉતાવળિયા ન થવું. કૌટુંબિક વિવાદ જોવા મળે. મે-૨૪થી ગુરુ છઠ્ઠો થશે. વ્યાપારધંધામાં વેગ આપશે. ધાર્યું કાર્ય ન થાય. વડીલોની તબિયત લથડે. સંતાન-ઈચ્છુકને સંતાનપ્રાપ્તિ થાય. વિદેશગમન-ઈચ્છુકને અને ૩૦-૧૦-૨૩ પછી સુંદર ફળ મળે. ૧-૫-૨૪સુધી તેમજ વાહન-મકાન ઐશ્વર્યસુખમાં વૃદ્ધિ કરાવે. વિદ્યાર્થીઓ માટે એકંદરે સારું છે. મહેનતનું ફળ મેળવી શકે. સ્ત્રીઓ માટે વર્ષ સારું ગણાય. પોતાની મનોકામના પૂર્ણકર્તા બને. નોકરિયાતને ૧-૫-૨૪ પહેલાં ટ્રાન્સફર, પગારવૃદ્ધિ જોવા મળે.

## મકર રાશિ (ખ, જ.)

૨૦૨૪ના નૂતનવર્ષ-પ્રવેશ આહ્લાદક વાતાવરણ શીતળ વાયુની સાથે આપની રાશિમાં સોનાની રૂપાને પાયે શનિની અઢી વર્ષની પનોતી ચાલુ છે, જે ૨૯-૩-૨૫ના રોજ ઊતરશે. શનિ બીજે, રાહુ- ગુરુ ચોથે છે. આવક સામે જાવક જોવા મળે. બેંકબૅલેન્સ નહીં થઈ શકે. અવારનવાર ખોટા ખર્ચ અણધાર્યા આવે. વડીલોની સેવા, સારસંભાળ કરાવે. વ્યાપાર કરતા હોય, તો ઉઘરાણી ફસાય તેમ જ લોભામણી વસ્તુઓમાં ફસાઈ ન જવાય, તેનું ધ્યાન રાખવું જરૂરી છે. નોકરિયાતને પ્રમોશન-પગારવૃદ્ધિ અટકે. લોભ ઉત્પન્ન થાય, જે કાંઈ કરો તે સમજી-વિચારીને કરવું. ઉતાવળિયા નિર્ણય ન કરવા. ૧-૫-૨૪થી ગુરુ પાંચમો થશે. ભાગ્યોદયનો શુભારંભ થશે. ઊજળી તકો તમને મળે. પ્રમોશન-બદલીના ચાન્સ આવે. સંતાન-ઈચ્છુક, વિદેશગમન-ઈચ્છુકને મે-૨૪થી મનોરથ સિદ્ધ થાય. રાહુ ત્રીજો ૩૦-૧૦-૨૩ થી ચાલે છે. ભાગ્ય-અવરોધ રહે. પનોતી હોવાથી શનિની ભક્તિ કરવી. શનિ-મંગળ હનુમાનજીના દર્શન તેલસિંદૂર ચઢાવવું. સૂળીનો ઘા સોયથી જશે. એકંદરે વર્ષ મધ્યમ પ્રકારનું છે.

## કુંભ રાશિ (ગ, શ,ષ, સ)

૨૦૨૪ના નૂતન વર્ષ-પ્રવેશ આહ્લાદક વાતાવરણ શીતળ વાયુની સાથે આપની રાશિમાં શનિની સાડા સાત વર્ષની પનોતી તાંબાના પાયે ચાલુ છે. શનિ તમારી રાશિમાં છે. આપના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે. વાહન-અકસ્માત, શસ્ત્રક્રિયા, વાગવું પડવું વગેરે જોવા મળે. ૩૦-૧૦-૨૩થી રાહુ બીજે ચાલે છે. કૌટુંબિક / વાદવિવાદનું સર્જન કરે. ભાગીદારી હોય, તો ભાગીદારી છૂટી થાય. મે-૨૦૨૪થી ગુરુ ચોથો થશે, જે સ્થાવર સંપત્તિ, વાહન-મકાન જેવા વૈભવી સુખમાં વૃદ્ધિ કરાવે. આવક કરતાં જાવક વધે. પોતાનું મન રઘવાયું, ટૅન્શનયુક્ત જોવા મળે, જે કોઈ નિર્ણય લો, તે સમજી વિચારીને લેવો. ઉતાવળિયા નિર્ણય ન લેવા, જેથી હેરાનગતિ વધે. શનિ આપની રાશિમાં માર્ચ-૨૦૨૫ સુધી છે. પનોતી ૨૦૨૭માં પરશે. સાવધાની રાખવી. અવિવાહિત લોકો માટે એપ્રિલ-૨૪ સુધી તક ગણાય. વિદેશ-ઈચ્છુકને હાલ યોગ છે. એપ્રિલ-૨૪ સુધી સંતાન-ઈચ્છુકને યોગ છે. નોકરિયાતને એપ્રિલ-૨૪ સુધી ટ્રાન્સફર-પ્રમોશનના યોગ છે. પરંતુ શનિની ઉપાસના ૨૦૨૭ સુધી ચાલુ રાખવી. એકંદરે વર્ષ મધ્યમ પ્રકારનું છે.

## મીન રાશિ (દ, ચ, ઝ, થ)

૨૦૨૪ના નૂતન વર્ષ-પ્રવેશ આહ્લાદક વાતાવરણ શીતળ વાયુની સાથે આપની રાશિમાં રૂપાના પાયે શનિની પનોતી ચાલુ છે. પહેલો તબક્કો માર્ચ- ૨૦૨૫માં પૂર્ણ થશે. પનોતી ૨૦૩૦માં સંપૂર્ણ ઊતરશે. શનિ બારમો હોવાથી આવક કરતાં જાવક વધે. ખોટા કામકાજથી દૂર રહેવું. આર્થિક ક્ષેત્રે ખોટાં રોકાણ ન થાય, તેનું ધ્યાન રાખવું. લોભામણી વસ્તુથી દૂર રહેવું. આરોગ્ય બાબતે ધ્યાન રાખવું. શરીર ઑર્ડરમાં નથી. નાનીમોટી ફરિયાદ આરોગ્યની જોવા મળે. કૌટુંબિક સમસ્યા વાદવિવાદનું સર્જન થાય. કોર્ટકચેરીનો સહારો લેવો પડે. અપયશની પ્રાપ્તિ થાય. રાહુ આપની રાશિમાં ૩૦-૧૦- ૨૩મીથી ચાલે છે. બી.પી., સુગરથી સંભાળવું. વિદેશગમન-ઈચ્છુક, વૈવાહિક-ઈચ્છુકને મે-૨૪થી યોગ છે. મે-૨૫ સુધી સંકલ્પ સિદ્ધ થાય. વિદ્યાર્થીઓ માટે જોતાં મહેનત માંગી લે. મહેનત પ્રમાણે રિઝલ્ટ ન મળે. જીવનસાથી સાથે મતભેદ રહે. સંયમ રાખવો. રૂપાને પાયે પનોતી હોવાથી સૂળીનો ઘા સોયથી જાય. કમ્મરતોડ મહેનત માંગી લે. શનિ-રાહુની ભક્તિ કરવાથી આવેલ આપત્તિમાં રાહત જોવા મળે. એકંદરે જોતાં આપનું વર્ષ મધ્યમ પ્રકારનું છે.

# 2024 તમારા માટે મંગલદાયક, કામના પૂર્ણ અને શુભ રહે

**સમય સારો પણ છે અને ખરાબ પણ છે. જમાનો ખરાબ છે તેથી તમારા નવા વર્ષથી દરેક બાબતે નફફટ થવું જોઈએ. તો જ તમે હવેના સમય સાથે ચાલી શકશો.**

**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

પ્રિય આત્મીય બંધુઓ, શુભાશીર્વાદ

નવ વર્ષના શુભારંભ પર હું તમોને હૃદયથી આશીર્વાદ પ્રદાન કરું છું કે આ વર્ષ તમારા માટે મંગલદાયક, કામના પૂર્ણ અને શુભ રહે. તમારા કાર્યમાં વૃદ્ધિ થાય, મિત્રોમાં, શુભ ચિંતકોમાં વૃદ્ધિ થાય, તમે તમારા દરેક પ્રયત્નમાં સફળ થાવ, યશ કીર્તિ, માન-સન્માન સતત વધતું રહે, તમારા શત્રુઓની બુદ્ધિ ભ્રમિત થાય, તમારા ઘર-પરિવારમાં બીમારીનો પૂર્ણરૂપે નાશ થાય, અટકેલાં રોકાયેલાં કાર્યો પૂર્ણ થાય, ગુરુના આ આશીર્વાદ છે કે દરેક શિષ્ય પોતાના ઘર પરિવારમાં પ્રસન્ન રહે, તેમના જીવનમાં શાંતિ અને સંતોષનો કાયમી-સ્થાયી આવાસ થાય અને સૌથી મોટા એ આશીર્વાદ પ્રદાન કરું છું કે તમે તમારા જીવનમાં ધૃણા, રાગ, દ્વેષરહિત ભયરહિત નિર્ભય બનીને જીવન જીવો. હું નિરંતર તમારા વિશે જ વિચાર કરતો રહું છું.અને મેં એવો અનુભવ કર્યો છે કે તમારા જીવનનાં વિઘ્નો બહુ જ નાનાં-નાનાં છે જેને લઈને તમે પરેશાન છો, દુઃખી છો, વ્યથિત થતા રહો છો અને કોઈ પણ કાર્યમાં તમારું મન એકાગ્ર થતું નથી. ગૃહસ્થ છો તેથી થોડાક વિઘ્નો-બાધાઓ તમોને વધારે પરેશાન કરે છે. બાળકો ભણતાં નથી હોતાં અથવા બાળકો યોગ્ય ના બની રહ્યાં હોય કુટુંબમાં અંદરોઅંદર તનાવ રહેતો હોય, ઉચિત સમય પર કન્યાઓનાં લગ્નના થતાં હોય, પોતાનું મકાન પણ ના થતું હોય, કર્જ દેવામાં સતત વધારો થતો રહેતો હોય. અકારણ જ મનમાં વ્યથા રહેતી હોય, એવું લાગે છે કે પૂર્વ જન્મના દોષ તમારા ઉપર હાવી થઈ રહ્યા છે અથવા શત્રુ તમારા ઉપર કોઈ ને કોઈ ક્રિયા કરી રહ્યા હોય, વેપારમાં તમે જે પ્રકારની ઉન્નતિ ઈચ્છો છો તે પ્રમાણે ઉન્નતિ થતી નથી, નોકરીમાં યોગ્ય સમય પર પ્રમોશન મળતું નથી હોતું, ધનની સમસ્યા દરેક વખતે મોં ફાડીને ઊભી રહી છે! જેટલું કમાઈએ છીએ તેનાથી વધારે ખર્ચ થઈ જાય છે - આ બધી સમસ્યાઓ વચ્ચે જ તમારું જીવનચક્ર ઘૂમી રહ્યું છે. કેટલીક વાર તો એવો વિચાર આવે છે કે, આ બધી જ સમસ્યાઓ વચ્ચે પસાર થતાં થતાં પણ મારા વાચકો, શિષ્યો ઈષ્ટને યાદ કરે છે. થોડી ઘણી ધ્યાન પૂજા કરે છે તે પોતાના માટે એક મહાન ઘટના છે. ભગવાન સદાશિવ મહાદેવને જોઉં છું તો તે સ્વયં ગૃહસ્થ છે. ગૃહસ્થના બધા જ અવરોધોને પસાર કરીને પણ આનંદમય રહે છે. જ્યારે આપણે પણ ગૃહસ્થ છીએ- તો ઉપર લખેલી બધી સમસ્યાઓ આપણા જીવનમાં અવશ્ય આવશે. એવું ના થઈ શકે કે આપણને જીવન પ્રાપ્ત થયું હોય અને તેમાં થોડું દુઃખ, બાધાઓ અને મુશ્કેલીના હોય જીવનનું નામ જ ઈન્દ્ર ધનુષ

જેમ સાત રંગોથી બન્યું છે. જેમાં મોહ છે, માયા છે, તૃષ્ણા છે, કામના છે, સાથે જ આળસ પણ છે, સુખોને તત્કાળ પ્રાપ્ત કરવાની લાલચ પણ છે જેમ દિવસ અને રાત મળીને એક કાળચક્ર બને છે તેવી જ રીતે જીવનમાં દિવસ અને રાતનો ક્રમ ચાલતો રહે છે. સમય સારો પણ છે અને ખરાબ પણ છે તેથી તમારે ફક્ત 2024ના વર્ષમાં થોડાક નફફટ થવાનું રાખજો. ખોટા ખર્ચા બંધ કરીને રૂપિયા-પૈસાની બચત કરવાનું જ રાખજો. પૈસા હશે તો જીવનમાં બધું જ મળશે. બધા બોલાવશે. પરંતુ જો પૈસા નહીં હોય તો મનુષ્ય તમારાથી 10 ફૂટ દૂર રહેશે. ઉછીના રૂપિયા પણ કોઈ નહીં આપે. જમાનો ખરાબ છે તેથી સમજી વિચારીને પોતાની કુટુંબની પરિવારની આબરૂ સાચવવા નવા વર્ષથી 'રૂપિયા બચાવજો.'




# મકરસંક્રાંતિ પર રાશિ અનુસાર દાન

**યંત્ર-મંત્ર-તંત્ર**

**યજ્ઞેશ ત્રિવેદી**

જ્યોતિષ અનુસાર આ દિવસે સૂર્ય ધન રાશિમાંથી નીકળીને મકર રાશિમાં પ્રવેશ કરે છે, જેને બહુ જ શુભ માનવામાં આવે છે. એટલા માટે આ પર્વ ઉજવવામાં આવે છે. માન્યતા છે કે આ દિવસે કરવામાં આવેલ દાનનું ફળ સો ગણું થઈને દાનદાતાને પ્રાપ્ત થાય છે. જ્યોતિષ અનુસાર રાશિ અનુસાર દાન કરવાથી વ્યક્તિની દરેક મનોકામના પૂરી થઈ જાય છે. તમે પણ જાણો કે મકર સંક્રાંતિના દિવસે રાશિ અનુસાર કયું દાન કરવું.



મેષ - રાશિવાળા વ્યક્તિ આકર્ષક અને પ્રભાવશાળી સ્વભાવવાલા હોય છે. તેમનું વ્યક્તિત્વ રૂઆબદાર અને મર્દ હોય છે, જેનાથી દરેક પ્રકારની છોકરીઓ તેમના પર તરત જ આકર્ષિત થઈ જાય છે. જ્યોતિષ અનુસાર મેષ રાશિનો સ્વામી મંગળ છે. આ રશિના લોકો મકર સંક્રાંતિના દિવસે મચ્છરદાની તેમજ તલનું દાન કરે તો શીઘ્ર જ દરેક મનોકામના પૂરી થાય છે.

વૃષભ રાશિવાળા ઉત્તમ શ્રેણીનાં પ્રેમી હોય છે. વૃષભ રાશિવાલાઓ પ્રેમસંબંધ બનાવવામાં રાહત હાંસલ કરે છે. આ લોકો બહુ જલદીથી કોઈને પણ પ્રેમસંબંધ બનાવવામાં સક્ષમ હોય છે. જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી શુક્ર છે. આ રાશિના લોકો મકર સંક્રાંતિના દિવસે ઊનનાં વસ્ત્ર તેમજ તલનું દાન કરે તો ઘણું શુભ રહેશે.

મિથુન રાશિવાળાં લોકોના જીવનમાં સામાન્ય રીતે કેટલાયે પ્રેમ સંબંધ હોય છે. તેના કારણે કેટલાયે લોકોના એકથી વધારે લગ્ન પણ થઈ જાય છે.જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી બુધ છે. આ રાશિનાં લોકો જો મકર સંક્રાંતિના દિવસે તલ તેમજ મચ્છરદાનીનું દાન કરે તો બહુ જ લાભ થાય છે.

કર્ક-રાશિના લોકો મૂડી હોય છે. તેઓ પોતાના સંબંધો પ્રત્યે ઈમાનદાર હોય છે અને તેને જવાબદારી સાથે નિભાવે છે. આ લોકોમાં નિર્ણય લેવાની ક્ષમતા એટલી સારી નથી હોતી. તેમનું મગજ સ્થિર નથી રહેતું. જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી ચંદ્ર છે. આ રાશિનાં લોકો માટે મકર સંક્રાંતિ પર તલ, સાબુદાણા તેમજ ઊનનું દાન કરવું શુભ ફળ આપનાર સાબિત થશે.

સિંહ - સિંહ રાશિનાં લોકોનું વ્યક્તિત્વ સિંહ જેવું હોય છે. આ લોકો ખુલ્લા વિચારોવાળાં હોય છે અને આકર્ષક વ્યક્તિત્વ ધરાવતા હોય છે. તેમના અવાજમાં એક ખાસ ખેંચાવ હોય છે.

જ્યોતિષ અનુસાર સિંહ રાશિનો સ્વામી સૂર્ય છે. મકરસંક્રાંતિના દિવસે આ રાશિનાં લોકો તલ, ધાબળા મચ્છરદાની વગેરે પોતાની ક્ષમતા અનુસાર દાન કરવું.

કન્યા - કન્યા રાશિના જાતકને સુખ-સુવિધાવાળું જીવન વધારે પસંદ હોય છે. પોતાના કુટુંબ પરિવાર પ્રત્યે એટલો ઊંડો લગાવ હોય છે કે કુટુંબ માટે તેઓ કશું પણ ત્યાગી શકે છે. જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી બુધ છે. આ રાશિનાં લોકો મકર સંક્રાંતિના દિવસે તલ, ધાબળો, તેલ, અડદની દાળનું દાન કરવું જોઈએ.

તુલા- તુલા રાશિનાં લોકોનું સમજવા વિચારવાનું સ્તર ઘણું ઊંચું હોય છે. તે લોકો ઘણી સરળતાથી કોઈ પણ વાતને સમજી શકે છે. સંબંધ જાળવવામાં તેમને ઘણા શુકન પણ મળતા હોય છે.

જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી શુક્ર છે. આ રાશિનાં લોકો તેલ, રૂ, વસ્ત્ર, રાઈ, મચ્છરદાનીનું દાન કરવું.

વૃશ્ચિક -વૃશ્ચિક રાશિનાં લોકોમાં અહમની ભાવના ઘણી હોય છે, જેનાથી કેટલીયે વાર તેના વિવાદ થતા રહે છે. તેમને પરિવાર અને મિત્રોનો સંપૂર્ણ સહયોગ મળે છે. તેમને રોમેન્ટિક પ્રેમીઓની શ્રેણીઓમાં રાખી શકાય છે. જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી મંગળ છે. આ રાશિનાં લોકો ગરીબોને ચોખા અને દાળની કાચી ખીચડીનું દાન કરવું સાથે જ પોતાની ક્ષમતા અનુસાર ધાબળો પણ દાન કરી શકાય.

ધન રાશિનાં લોકો ઘણાં સંવેદનશીલ અને આનંદી હોય છે. તેઓ દરેક ક્ષણ આનંદ સાથે પસાર કરવા માંગે છે. તેમને તેમનું જીવન સંપૂર્ણ સ્વતંત્રતાની સાથે જીવવાનું પસંદ હોય છે. તેઓ પોતાના જીવન સાથીને સંપૂર્ણ સન્માન કરે છે. જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી ગુરુ છે. આ રાશિનાં લોકો મકર સંક્રાંતિના દિવસે તલ અને ચણાની દાળનું દાન કરે તો વિશેષ લાભ થાય છે.

મકર - મકર રાશિના લોકો સામાન્ય રીતે વિચારતા બહુ હોય છે, તેમને કોઈની જરૂર નથી. તેઓ દરેક કાર્ય પોતે કરવામાં સક્ષમ હોય છે.આ રાશિનાં લોકો થોડા જિદ્દી સ્વભાવના પણ હોય છે.

જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી શનિ છે. આ રાશિના લોકો મકર સંક્રાંતિના દિવસે તેલ, તલ, ધાબળા અને પુસ્તકનું દાન કરે તો તેમની દરેક મનોકામનાઓ પૂર્ણ થાય છે.

કુંભ- કુંભ રાશિનાં લોકો ઘણા ભાવુક અને દરેક કાર્યને દિલથી કરવાવાળા હોય છે.આ રાશિનાં લોકો પોતાનું જીવન સ્વતંત્રતાથી જીવવા માગે છે. જીવનસાથી પર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે. જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી શનિ છે. આ રાશિના લોકો મકર સંક્રાંતિના દિવસે તલ, સાબુ, વસ્ત્ર, કાંસકા અને અન્નનું દાન કરવું જોઈએ.

મીન- મીન રાશિનાં લોકો અતિ ભાવુક હોય છે. તેમને કોઈ પણ આસાનીથી પ્રભાવિત કરી શકે છે.આ લોકો પ્રેમમાં અતૂટ સંબંધ બનાયેલો રાખવા ઈચ્છે છે, પરંતુ તેમનું દિલ કેટલીયે વાર તૂટી જાય છે.જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી ગુરુ છે. મકર સંક્રાંતિના દિવસે આ લોકોએ તલ, ચણા, સાબુદાણા, ધાબળા અને મચ્છરદાનીનું દાન કરવું જોઈએ.

શાસ્ત્રમાં ઋષિમુનિઓએ જણાવ્યું છે કે હંમેશાં દાન બ્રાહ્મણને જ કરેલું ગણવામાં આવે છે જ્યારે ગરીબ ભિખારી જરૂરિયાતવાળાને આપેલું દાન-તે દાન નહીં પણ મદદ કહેવાય છે.